આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આપણે કરેલી ભૂલની પણ કોઇ નોંધ ન લેવાય તો સમજી જવું કે આપણા અસ્તિત્વના અંતની શરૂઆત થઇ ચુકી છે
- રમણ મહર્ષિ

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૪૧ | ૧૪ નવેમ્બર, ૨૦૧૪, શુક્રવાર ; કારતક વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# હેલ્થ યુનિવર્સિટી શરૂ કરાશે

**રાજ્યવ્યાપી શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમનો મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના હસ્તે ગાંધીનગરથી શુભારંભ : દોઢ કરોડ બાળકો - વિદ્યાર્થીઓના આરોગ્ય તપાસણી - સારવાર માટે ૩ લાખ ૮૯ હજાર કર્મીઓ સેવાયજ્ઞ આદરશે**



ગાંધીનગર, તા.૧૩


મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ગુજરાતમાં આરોગ્ય સુખાકારી-માવજત અને તંદુરસ્ત સ્વસ્થ સમાજના હોલિસ્ટીક એ-ોચ સાથે હેલ્થ યુનિર્વસિટી રચવાની નેમ વ્યકત કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ રાજયવ્યાપી શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમનો આજે ગાંધીનગરથી -રંભ કરાવ્યો હતો. સ્વસ્થ સમાજના નિર્માણ માટે બાળ તંદુરસ્તીના મહત્વપૂર્ણ આ આરોગ્યલક્ષી આયામમાં આજથી તા.૧૦ જાન્યુઆરી-૨૦૧૫ સુધી રાજયભરની આંગણવાડી-શાળાઓના દોઢ કરોડથી વધુ વિદ્યાર્થીઓના આરોગ્ય પરિક્ષણ-સારવાર માટે ૩ લાખ ૮૯ હજાર આરોગ્ય કર્મીઓ બાળ આરોગ્ય યજ્ઞની જયોત જગાવશે.

શ્રીમતી આનંદીબહેન પટેલે શાળા આરોગ્ય તપાસણીના આ અભિયાનમાં ગામના શાળાએ ન જતાં ભૂલકાંઓ-બાળકોને પણ આવરી લેવાનું -રક સૂચન આરોગ્ય વિભાગને કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, આપણે એવું સર્વગ્રાહી સ્વાસ્થ્ય સંભાળ-જાગૃતિનું અભિયાન આરોગ્ય -ત્યેની સારી આદતો, કાળજી અને ચોકસાઇ કેળવીને ઉપાડીએ કે સમાજમાં કોઇ

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)



રોજીનું એવરેસ્ટ - શ્રમ એવં જયતે... માનવજાત શ્રમનો મહિમા સમજે છે અને સતત પુરુષાર્થવાળા અભિગમથી જીવે છે... કામ નાનું હોય કે મોટું, સરળ હોય કે અઘરું, દરેક માણસ સતત ક્રિયાશીલ હોય છે... સાહસિકવૃત્તિ ધરાવતા શ્રમિકો કેવું અઘરું કામ હસતા-હસતા કરે છે... આટલી ઉંચાઈ પર નજરી નાખતા પણ ડર લાગે એટલીં ઉંચાઈએ જઈ અને કામ કરતાં કર્મયોગીઓ પોતાની રોજીનું એવરેસ્ટ સર કરતાં હોય એવો અહેસાસ થાય છે...

# હવે, બોર્ડ-નિગમોમાં નિમણુંક કરાશે

ગાંધીનગર, તા. ૧૩

બોર્ડ-નિગમોમાં ચેરમેન ડીરેકટરોની નિમણુંકો અંગેની પ્રક્રિયાને અંતિમ ઓપ આપવામાં આવી રહ્યો છે અને આગામી ટુંક સમયમાં કેટલાક બોર્ડ-નિગમોમાં ચેરમેનોની નિમણુંકો કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકારના મંત્રીમંડળમાં પાંચ સંસદીય સચિવોને નિમણુંકો આપવામાં આવ્યા બાદ હવે મંત્રીમંડળના વિસ્તરણ માટેનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે.

જો કે સંસદીય સચિવોની નિમણુંકો કરવામાં આવતાં હવે નજીકના ભવિષ્યમાં મંત્રીમંડળના વિસ્તરણની શક્યતાઓ નહીવત જોવામાં આવી રહી છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મંત્રીમંડળના વિસ્તરણ પહેલા બોર્ડ-નિગમોમાં કેટલાક ચેરમેન ડિરેક્ટરોની નિમણુંકો કરવા માટેની સક્રિય વિચારણા સરકારે હાથ ધરી હોવાનું જાણવા મળે છે. પ્રદેશ ભાજપ નેતાગીરી દ્વારા બોર્ડ-નિગમોમાં ચેરમેન ડીરેક્ટરોની નિમણુંક માટે કેટલાક સંભવીત નામોની એક યાદી તૈયાર કરીને સરકારને સુપ્રત કરી દેવામાં આવી હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ કેટલાક મહત્વના પાંચ-દસ બોર્ડ નિગમોમાં હાલ ચેરમેનોની નિમણુંકો કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. થોડા બોર્ડ-નિગમોમાં ચેરમેનોની નિમણુંક કરવામાં આવ્યા બાદ મંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

પ્રાપ્ત વિગતો મુજબ હાલ વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિદેશ પ્રવાસે છે. આ ઉપરાંત રાજ્યમાં સરકાર દ્વારા શાળા આરોગ્ય ચકાસણી, સ્વચ્છતા અને ગુણોત્સવ જેવા કાર્યક્રમો જાહેર કર્યા હોઈ આ કાર્યક્રમોમાં મંત્રીઓ-અધિકારીઓ પણ વ્યસ્ત હોઈ વડાપ્રધાન વિદેશ પ્રવાસેથી પાછા ફરે ત્યાર બાદ રાજયમંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.



બાળદિન - આ તસવીર જેવા દશ્યો દેશના દર કિલોમીટરના અંતરે જોવા મળે છે... આમ છતાં બાળકલ્યાણની વાતો કરવામાં નેતાઓ થાકતા નથી... સરકાર અને સમાજ એકબીજા ઉપર દોષારોપણ કરી બાળશિક્ષણના મામલે ખો-ખો રમે છે... સરકારોના ઉધામાઓ પછી પણ ડ્રોપઆઉટ રેશિયો ઘટવાનું નામ નથી લેતો... ગરીબીની લાચારીમાં જીવતા પરિવારો બાળકોને મજુરી કામે વળગાડી દે છે... અને બાળમાનસ આ યંત્રવત ચક્રમાં ગુંથાઈ જાય છે, ગુંચવાઈ જાય છે... બાળદિને સોનેરી ભાષણો ઠેરઠેર થશે, સંવાદો અને પરિસંવાદોની વચ્ચે ગરીબી રેખાથી નીચે જીવતા અને વિકસતા પરિવારના બાળકો એ જ પેટિયું રળવા ચાની લારી કે પંચરની દુકાન, કચરા-પોતાની નાનકડી નોકરી શોધવા નીકળી જ પડે છે... આવો આજે બાળદિને થોડાક પ્રમાણિક બની આવા બાળકોના બાળપણને પાછું અપાવવાનો વિનમ્ર પ્રયાસ કરીએ.... (તસવીર : કશ્યપ નિમાવત)

# સે-૨૪માં છુરાબાજી : પરિસ્થિતિ તંગ

**મટનશૉપ બહાર બકરા બાંધવા બાબતે જીવલેણ હુમલા : બે ભાઈઓને કસાઈઓએ છરા ભોંકી દેતા હાલત ગંભીર : મટન શોપમાં તોડફોડ કરી ટોળાએ છાપરૂ અને વાહન સળગાવી દીધા : પોલીસ સ્ટેન્ડ ટુ : એક કસાઈની ધરપકડ**

ગાંધીનગર, તા.૧૩

શહેરના સેકટર-૨૪ ઈન્દીરાનગર વિસ્તારમાં બકરા બાંધવા જેવી નજીવી બાબતે કસાઈ બાપ-દિકરાએ પાડોશમાં રહેતા બે ભાઈઓને છરા ભોંકી દઈ જીવલેણ હુમલો કર્યો હતો. હાલ બંને ઈજાગ્રસ્ત ભાઈઓ અમદાવાદમાં ગંભીર હાલતમાં દાખલ છે. આ પરિસ્થિતિ આજે ખુબ જ તંગ બની ગઈ હતી. ટોળાએ કસાઈની મટન શોપમાં તોડફોડ કરી છાપરૂ અને વાહન સળગાવી મુકયું હતું. ડીએસપી સહીત એલસીબી, એસઓજી અને સ્થાનિક પોલીસનો કાફલો સ્થળ પર આવી પહોંચ્યો હતો. આ મામલો વણસે નહી તે માટે ઈન્દીરાનગરમાં રાઉન્ડ ધ કલોક પોલીસને સ્ટેન્ડ ટુ રહેવા આદેશ જારી કરી દેવામાં આવ્યા છે. તો બીજી તરફ છરાબાજી કરનાર આરોપી બાપ-દિકરા પૈકી દિકરા સદ્દામની સે-૨૧ પોલીસે ધરપકડ કરી લીધી છે.

સેકટર-૨૪ ઈન્દીરાનગર છાપરા વિસ્તારમાં સ્થિત બિસ્મીલ્લા મટન શોપ ચલાવતા કસાઈ સદ્દામ ભુરાભાઈ કુરેશી અને તેના પિતા ભુરાભાઈ કુરેશીને પાડોશમાં રહેતા યુવાન લાલાજી સુદાજી માજીરાણાએ બકરા વ્યવસ્થિત બાંધવા કહ્યું હતું. આ મામલે સદ્દામ ઉશ્કેરાઈ ગયો અને ગાળાગાળી શરુ કરી દઈ છરા વડે લાલાજી પર હિંસક હુમલો કરી દીધો હતો. તે ઉપરાંત લાલાજીના ભાઈ ભગેશના પેટમાં પણ છરી ભોંકી દેતા બંને ભાઈઓ ગંભીર રીતે ઘવાયા હતા. સદ્દામના પિતા ભુરાભાઈએ

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : વિપુલ ચૌહાણ)

# સ્વચ્છ ગાંધીનગર માટે ૨૦૦ સફાઈ કામદારોની ભરતી કરાશે

**શહેરને સ્વચ્છ રાખવા માટે ત્રણ માસ માટે ૨૦૦ સફાઈ કામદારોને રોજમદાર તરીકે રખાશે**

**સ્ટેન્ડીંગ કમિટીની આજે મળેલ બેઠકમાં રોજમદારોની ભરતી તેમજ ફર્નીચર ખરીદીની પણ મંજૂરી**

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર મહાનગરપાલિકા વાઈબ્રન્ટ સમીટ ૨૦૧૫ને ધ્યાને રાખી ત્રણ માસ માટે ૨૦૦ જેટલા સફાઈ કામદારોની રોજમદાર તરીકે ભરતી કરાશે. આ માટેની સંપૂર્ણ સત્તાઓ મ્યુનિ. કમિશનરને સોંપવામાં આવી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીની આજે શ્રી આશિષ દવેની અધ્યક્ષતામાં મળેલ બેઠકમાં આ મહત્વનો નિર્ણય લેવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરને દબાણમુકત સ્વચ્છ શહેર બનાવવાના સરકારના અભિગમને ધ્યાને રાખી આજે સ્ટેન્ડીંગ કમિટીએ આ દરખાસ્તને મંજુરી આપી દીધી છે.

અગાઉ પણ બે માસ માટે શહેરમાં સ્વચ્છતા અભિયાનને સઘન બનાવવા માટે આવી સીધી ભરતી રોજમદારોની કરવાની મંજૂરી અપાઈ હતી.

આજે મળેલ બેઠકમાં શહેરની સ્વચ્છતાની સાથે સાથે કર્મચારીઓને બેસવા તેમજ કચેરી માટે રૂ. ૧૫ લાખની કિંમતનું ફર્નિચર પણ ખરીદવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મનપામાં નવા કર્મચારીઓ તેમજ નવી સેવાના વ્યાપને ધ્યાને રાખી આ સુવિધા કરવાની તાતી જરૂરિયાત હતી તેથી આ દરખાસ્તને પણ બહાલી આપી દેવામાં આવી છે.




# જિલ્લા પંચાયતનું હયાત મકાન તોડી પાડી નવુ બનાવવા માટે સરકારની મંજૂરી મંગાશે

**એક તાલુકાનો જિલ્લો હતો ત્યારે આ મકાન બન્યુ હતુ : ૩૪ વર્ષ જુનુ મકાન જિલ્લાની હદ વધતાં નાનુ પડી રહ્યું છે**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લા પંચાયતનું હાલનું મકાન તોડી અને નવુ બનાવવાની મંજૂરી સાથે સહાય આપો તેવી માંગણી સાથેનો પ્રસ્તાવ ૨૮મીએ મળનાર સામાન્ય સભામાં કરવામાં આવશે.

શ્રીમતિ હીના પટેલના અધ્યક્ષસ્થાને મળનારી સામાન્ય સભામાં આ મુદ્દો ચર્ચા માટે મુકવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતનું હાલનું મકાન ૩૪ વર્ષ જુનુ છે એટલું જ નહિ જ્યારે મકાનનું નિર્માણ થયુ ત્યારે માત્ર એક જ તાલુકાનો જિલ્લો હતો. જિલ્લાઓની પુનઃ રચના વેળાએ ત્રણ તાલુકાઓ ઉમેરાતા જિલ્લાની સેવાઓનો વ્યાપ વધ્યો એટલુ જ નહિ કામગીરી અને કાર્યભારણ પણ વધવા પામ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

